# વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરી: યોગ્ય સૂચના અને પદ્ધતિ

## વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીની પદ્ધતિઓનો હેતુ શું છે?

વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીની પદ્ધતિઓ નીચેનાં હેતુઓ માટે કરવામાં આવી છે:

- વિદ્યાર્થીઓ, કર્મચારીગણ, માતાપિતાઓ, અને શાળાસમુદાયનાં અન્ય સભ્યોની સુરક્ષાની ખાતરી કરવા;
- જ્યારે હિંસાની ધમકી મળે ત્યારે અસરકારક અને સમયસરના પ્રત્યુત્તરની ખાતરી કરવા;
- જ્યાં એક વ્યક્તિ અન્યને ઇજા પહોંચાડવાની ધમકીઓ આપે છે તે પરિસ્થિતિ તરફ દોરી જનારા પરિબળોને સમજવાની શરૂઆત કરવા;
- દરમ્યાનગીરીની યોજનાના વિકાસમાં મદદ કરવા; અને
- જોડાયેલા સૌ લોકોની ભાવના સંબંધી અને શારિરીક સુરક્ષાને પ્રોત્સાહિત કરવા.

## ધમકી શું છે?

ધમકી એ ઇજા પહોંચાડવાના ઇરાદાની નિશાની છે, કે કોઇ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેનું હિંસક વર્તન છે. ધમકીઓ શાબ્દિક, લેખિત, દોરવામાં આવેલી, ઇન્ટરનેટ પર મૂકવામાં આવેલી, સંકેત દ્વારા કરવામાં આવેલી કે સાધારણ રીતે ઘટનાઓની નિકટવર્તી બાબતોમાંથી હકીકતને આધારે અનુમાન કરવામાં આવેલી હોઇ શકે છે. ધમકીઓને ગંભીરતાપૂર્વક લેવામાં આવવી જોઇએ, અને સમયસરની ચીવટભરી તપાસ થવી જોઇએ અને પ્રત્યુત્તર આપવા જોઇએ

## જ્યારે હિંસાની ધમકી નોંધાવવામાં આવે ત્યારે શું થાય છે?

વિદ્યાર્થી દ્વારા બધી ધમકી આપવાની વર્તણૂકોનો આચાર્યને હેવાલ આપવામાં આવશે જે Student Threat Assessment and Intervention Protocol (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીના શિષ્ટાચાર)ને સક્રિય બનાવશે. એક વાર શાળા પ્રબંધકને ધમકીનો હેવાલ આપવામાં આવે, એટલે મુલાકાત ગોઠવવામાં આવશે. આ મુલાકાતોમાં વિદ્યાર્થીઓ, કર્મચારીગણ, પરિવારનાં સભ્યો અને/અથવા યોગ્ય હોય તે પ્રમાણે અન્યનો સમાવેશ થઇ શકે છે. આ જોખમનું સ્તર નક્કી કરવા અને ઘટના પ્રત્યે અસરકારક અને સમયસરનો પ્રત્યુત્તર વિકસાવવા માટે કરવામાં આવશે. તાત્કાલિક સુરક્ષાના ભયનું સંબોધન કરવામાં આવે પછી, માતાપિતાઓ/વાલીઓ તરફની માહિતીથી સહાયતા અને દરમ્યાનગીરીની યોજનાઓ વિકસાવવામાં આવશે.

## શું માતાપિતા/વિદ્યાર્થીની સંમતિની જરૂર પડે છે?

સંકટાવસ્થાનો પ્રત્યત્તર આપવા માટે સંમતિની જરૂર પડતી નથી. જ્યારે કોઇને ઇજા થઇ શકે તેનો ભય હોય છે, ત્યારે એ મહત્ત્વનું છે કે જોડાયેલા બધા પક્ષો સાથે જરૂરી હોય તે પ્રમાણે બને તેટલું જલ્દી અને અસરકારક રીતે ઘટનાનું સંબોધન કરવામાં આવે.

## યોગ્ય સૂચના

મહેરબાની કરીને આ નાની પત્રિકાને શાળા સમુદાયનાં બધાં સભ્યોને આપવામાં આવેલી "યોગ્ય સૂચના" માનશો કે બીજાને ઇજા પહોંચાડવાની કોઇ પણ નોંધણી (શાબ્દિક, લેખિત કે સાંકેતિક)ની ચીવટભરી તપાસ કરવામાં આવશે. The Student Threat Assessment and Intervention Protocol (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીનો શિષ્ટાચાર) એ બધાંને માટે સહીસલામત, સુરક્ષિત, સહાયક વાતાવરણ ઊભું કરવાની અમારી વ્યૂહરચનાનો ભાગ છે.

## Student Threat Assessment and Intervention Team (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીની ટીમ)નો સભ્ય કોણ છે?

દરેક શાળા પાસે Student Threat Assessment and Intervention (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરી)ની પદ્ધતિ માટે તાલીમબદ્ધ કર્મચારીગણ હશે. એક બહુ-શિસ્ત પાલનને લગતી Student Threat Assessment and Intervention Team (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીની ટીમ) ધમકીની આકારણી પૂર્ણ કરશે, અને અસરકારક અને સમયસરની યોજના વિકસાવશે. ટીમમાં શાળાના વ્યવસ્થાપક, શાળા સોશ્યલ વર્કર (સામાજિક કાર્યકર) અને/અથવા માનસશાસ્ત્ર સંબંધી શાળાના કર્મચારીગણનો સભ્ય જે વિદ્યાર્થીને સારી રીતે જાણે છે તેમનો સમાવેશ થાય છે.

## પ્રશ્નો ?

જો તમને પ્રશ્નો હોય તો મહેરબાની કરીને શાળાના પ્રબંધકનો સંપર્ક કરો.

# ધમકીની આકારણી અને દરમ્યાનગીરી

શાળા સમુદાયના સભ્યોના હિત અને સુરક્ષા એ વહેંચાયેલી જવાબદારી છે. સુરક્ષિત વાતાવરણો નિભાવવા તરફ ધ્યાન આપવું, સંકટ પ્રત્યે જાગરૂકતા, અને સંકટાવસ્થાઓ માટે વાસ્તવિક આયોજન કરવું એ આપણા સૌને માટે મહત્ત્વનું છે. તેમાં હિંસાના જોખમોને અટકાવવાનો પ્રયત્ન થાય છે.

શાળાઓ આપણા સમુદાયમાં સૌથી સુરક્ષિત સ્થળોમાંનું સ્થળ હોવાનું ચાલુ રહે છે. વિદ્યાર્થીઓના સુરક્ષા અને હિતને પ્રોત્સાહિત કરવાનું ચાલુ રાખવા, અમે અમારા સમુદાયના ભાગીદારો સાથે વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીની પદ્ધતિઓને હિંસાની ધમકીઓનો પ્રત્યુત્તર આપવા માટે વિકસાવી છે.

અમારા ***Student Threat Assessment and Intervention Protocol (વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરીના શિષ્ટાચાર)*** વર્તણુકો સહિત, વિધાનો અને અન્ય દર્શક બાબતો જે સૂચવે છે કે વિદ્યાર્થી બીજાને ઇજા પહોંચાડવાના "જોખમમાં" છે, તે વર્તણુકોનો પ્રત્યુત્તર આપવા વિકસાવવામાં આવ્યો છે. શાળા સમુદાયોને સુરક્ષિત રાખવા, અને સૌને સહાયતા પ્રદાન કરવા માટે, કર્મચારીગણ, માતાપિતાઓ, ધિાર્થીઓ અને સમુદાયના સભ્યોએ બધી ધમકી સંબંધિત વર્તણુકોનો હેવાલ શાળા પ્રબંધક કે પોલિસને બને તેટલો જલ્દીથી આપવો જ જોઇએ.

નોંધ લેશો-વયસ્કો તરફથી મળતી ધમકીઓનું સંબોધન કરવા માટે શાળા સમુદાયમાં અન્ય પદ્ધતિઓ અને શિષ્ટાચારો નક્કી થયા છે.

**YORK REGION DISTRICT SCHOOL BOARD**

60 Wellington Street West
Box 40
Aurora, Ontario
L4G 3H2

ફોન: 905-727-3141
416-969-8131
ફેક્સ: 905-727-1931

# વિદ્યાર્થી ધમકીની આકારણી અને દરમ્યાનગીરી

*આપણા વિદ્યાર્થીઓને સહીસલામત રાખવા !*

**YORK REGION DISTRICT SCHOOL BOARD**

York Region DISTRICT SCHOOL BOARD

Gujarati